ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી



## કોરોનાનો ડર નહીં : મોડાસાના બજારમાં ધુમ ઘરાકી વચ્ચે સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક પહેરવાનું ભુલાયું

### કોરોના ફરીથી શહેરની મુલાકાત લે તેવી સંભાવના

બાયડ,મોડાસા (બ્યુરો ઓફિસ) જિલ્લામાં કોરોના ઉપર અંકુશ હોવાના આંકડા બહાર આવી રહ્યા છે પરંતુ જે રીતે પ્રજા લાપરવાહ બની ખરીદી માટે બજારમાં આવી રહી છે તે જોતાં જિલ્લાનું વડામથક મોડાસા શહેર ફરીથી કોરોનાના સકંજામાં આવી શકે છે. પ્રજાસત્તાક પર્વના દિવસે મોડાસાના બજારમાં ધુમ ઘરાકી જોવા મળી પરંતુ અનેક દુકાનો આગળ સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા ઉડ્યા હતા. મોટાભાગના ગ્રાહકો માસ્ક પહેર્યા વગર ખરીદી માટે ઉમટતાં વેપારીઓ પણ ચિંતિત બન્યા છે.

જિલ્લામાં નવા વર્ષના આરંભ સાથે જ કોરોનાનો હાઉ ઓછો થઈ રહ્યો છે પરંતુ જે રીતે ખાનગીમાં પોઝિટિવ કેસના આંકડા બહાર આવી રહ્યા છે તે જોતાં પ્રજાએ હજુ બે મહિના સુધી સાવધ રહેવાની જરૂરી છે. કડકડતી ઠંડીમાં લગ્નસરાની સીઝન ખુલતાં તમામ ધંધા-રોજગારને જોમ મળ્યું છે પરંતુ પ્રજા ખરીદી માટે આવે ત્યારે વધુ લાપરવાહ હોવાના દ્રશ્યો જિલ્લાના શહેરી વિસ્તારોમાં જોવા મળે છે. મોડાસાના મુખ્ય બજારમાં કેટલીક દુકાનોમાં ધુમ ઘરાકી જોવા મળી. હૈયે હૈયું દળાય તેટલી ભીડના કારણે અન્ય વેપારીઓ પણ ચિંતિત થયા. લગ્નસરાના અવસર હોય એટલે ઘરાકી સામાન્ય બાબત છે પરંતુ સોશ્યલ ડિસ્ટન્સ ન જળવાય અને માસ્ક પહેર્યા ન હોવાથી મોડાસાના મુખ્ય બજારમાંથી જ કોરોના અનેક લોકોના ઘર સુધી પહોંચે તેવી સંભાવના વધી ગઈ છે. કોરોના અંગેની ગાઈડલાઈનના જાહેરનામા વડામથક મોડાસામાંથી જાહેર થાય છે પરંતુ ત્યાં જ સૌથી વધુ જાહેરનામાનું ઉલ્લંઘન થઈ રહ્યું છે.

**જિલ્લામાં કોરોનાથી સરકારી દફતરે ૨૬નાં મોત, વાસ્તવિક આંકડો ૬૦થી વધુ**

અરવલ્લી જિલ્લાનું વહીવટી તંત્ર આંકડાની માયાજાળ રચવામાં ચતુર હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં ૧૧૯૭ કેસ નોંધાયા છે તે પૈકી ૧૧૬૬ દર્દી સાજા થઈને ઘરે પહોંચ્યા છે. જ્યારે સરકારી દફતરે કોરોનાથી માત્ર ૨૬ નાં મોત થયાનું સત્તાવાર આંકડો બહાર પાડવામાં આવ્યો છે. પરંતુ જિલ્લામાં ૬૦ થી વધુ લોકો કોરોનાથી મોતને ભેટ્યા છે.




## લક્ષ્મી પ્રાપ્તિ માટે કાચબો પાળ્યો અને ઘરમાંથી લક્ષ્મી ગઈ..!!

### સરડોઈમાં કાચબાને કેદ રાખવા બદલ યુવાનને ૧૦ હજારનો દંડ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

આજકાલ લક્ષ્મી પ્રાપ્તિ માટે જંગલી કાચબા પાડવાનો ક્રેઝ શરૂ થયો છે. પરંતુ લક્ષ્મી આવવાને બદલે બચત દંડના સ્વરૂપમાં ભરવી પડે તો..?? શું માનવું..મોડાસા તાલુકાના સરડોઈમાં રીક્ષા ચલાવી ઘરનું ગુજરાન ચલાવનાર યુવાને ઘરમાં સુખ-સમૃદ્ધિ આવે તેવા આશયે જંગલી કાચબા પાડ્યા તો ખરા પરંતુ કોઈએ વન ખાતાને ચાડીચૂગલી કરતાં કાયદાકીય સકંજામાં ફસાયો છે. દુર્લભ વન્ય કાચબાને પાંજરામાં રાખ્યા હોવાથી વન વિભાગ દ્વારા યુવકને રૂા.૧૦ હજારનો દંડ ફટકારતાં લક્ષ્મી તો વધારાની આવી નહીં પરંતુ ઘરમાં બચતના રૂપમાં રાખી હતી તે લક્ષ્મી પણ દંડના સ્વરૂપમાં જતી રહેતાં આ મુદ્દો ટોક ઓફ ધ વિલેજ બની રહ્યો છે.



આજના આધુનિક યુગમાં સૌ કોઈ લક્ષ્મીની કૃપા થાય તેવા ટૂચકાઓ અને પ્રયોગો અજમાવતા હોય છે. જ્યોતિષીઓના રવાડે ચઢી અનેક પરિવારોએ આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી નથી પરંતુ ગાંઠની મૂડી પણ ઓછી કરવાનો વારો આવ્યો છે. છેલ્લા કેટલાય સમયથી જ્યોતિષ તેમજ વાસ્તુશાસ્ત્રીઓનો રાફડો ફાટતાં ટૂંકા રસ્તો માલેતુજાર બનવા માગતા પરિવારો આંધળુકીયું કરી પ્રયોગો કરતા હોય છે પરંતુ પાછળથી પસ્તાવાનો વારો આવતો હોય છે. મોડાસા તાલુકાના સરડોઈમાં તેમજ આસપાસના ગામડાઓમાં છેલ્લા કેટલાક સમયથી જંગલી કાચબા પાડવાનો જબ્બર ક્રેઝ શરૂ થયો છે. જેથી હાલની સ્થિતિએ ૩૦૦ થી વધુ જંગલી કાચબાઓ જંગલમાં મુક્તપણે વિહરવાને બદલે પરિવારના ઘરઆંગણામાં વિહરવા મજબૂર બની ગયા છે. સરડોઈના રીક્ષાચાલક યુવાને પણ દેખાદેખીથી લક્ષ્મીની કૃપા વરસશે તેમ માની ઘરમાં કેટલાક જંગલી કાચબા પાડ્યા હતા જેમાં જીવની જેમ તેનું જતન કરવામાં આવતું હતું પરંતુ પાડોશી સાથે ડખો થયા પછી ગ્રહો વક્ર થયા હોય તેમ પાડોશીએ વન વિભાગમાં ફોન કરી ગેરકાયદેસર વન્ય કાચબા ગોંધી રાખ્યા હોવાની ફરિયાદ કરી હતી જેથી તાબડતોબ વન વિભાગના અધિકારીઓ રીક્ષાચાલક યુવાનના ઘરે પહોંચી ગયા હતા. જ્યાં પાંજરામાં ૨ થી વધુ કાચબા રાખેલા હોવાથી રૂા.૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. કાચબા રાખવાથી રીક્ષા ચલાવવામાંથી મુક્તિ તો દૂર અને લક્ષ્મીની કૃપા તો થઈ નહીં પરંતુ ઘરમાં થોડી ઘણી બચાવીને રાખી હતી તે લક્ષ્મી પણ દંડનારૂપમાં ચાલી જતાં પરિવાર માટે મા મને કોઠીમાંથી કાઢ..જેવો ઘાટ ઘડાયો છે.

## સંક્ષિપ્ત સમાચારો...

### આકરૂન્દ હાઈસ્કુલમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી



આકરૂન્દ : ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલમાં તા.૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી. ઉ.મા. વિભાગના શિક્ષક જે. એમ. પટેલે તિરંગો લહેરાવ્યો હતો. કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થી, મંડળના સભ્યો સહિત હોમગાર્ડ જવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ પટેલ, ઉપપ્રમુખ નરસીદાસ પટેલ, સહમંત્રી દિનેશભાઈ પટેલ, આચાર્ય જે.ડી.ભાટી, પ્રા.વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ, શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ કટારા, તુષારભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### સારસ્વત હાઈસ્કુલ બાયડમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી



બાયડ : સારસ્વત હાઈસ્કુલ-બાયડમાં ૭૨મા ગણતંત્ર દિવસની આન, બાન, શાન સાથે ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય આરીફભાઈ મિરઝાએ તિરંગો લહેરાવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી, લાયન્સ કલબ-બાયડ પ્રમુખ સમીરભાઈ મિરઝા, લાયન્સ કલબ-બાયડના ચાર્ટડ પ્રમુખ ડાં.ભૂપેન્દ્રભાઈ શાહ, દેવચંદભાઈ પરમાર સહિત આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

### ત્રિપદા પ્રાથમિક શાળા-બાયડમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી



બાયડ : ગાયત્રી શક્તિપીઠ-બાયડ સંચાલિત ત્રિપદા પ્રા.શાળા બાયડમાં રાષ્ટ્રના ૭૨ મા પ્રજાસત્તાક પર્વની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી. ગાયત્રી શક્તિપીઠ-બાયડના સંચાલક મનહરભાઈ એસ. પટેલે તિરંગો લહેરાવ્યો હતો તેમજ ઉપસ્થિત વિદ્યાર્થીઓને વ્યસન મુક્ત રહેવાના સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય પંકજભાઈ પટેલ તથા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ધનસુરા સિવિલ કોર્ટમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી



બાયડ : ધનસુરા સિવિલ કોર્ટમાં પ્રિન્સિપાલ સિવિલ જજ એસ. એસ. પઠાણના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગને યાદગાર બનાવવા માટે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધનસુરા બાર એસોસીએશનના પ્રમુખ નિલેષ જોષી, સીનીયર એડવોકેટ ભીખાભાઈ પટેલ, એલ.બી. ઠાકોર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની આભાર વિધિ એડવોકેટ મધુસુધન કાપડીયાએ કરી હતી.

### ટીસ્કી હાઈસ્કુલમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી



માલપુર : માલપુર તાલુકાના ટીસ્કી ગામની આદર્શ ઉ.મા. શાળામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી. શાળા સંચાલક ગોવિંદભાઈ પટેલે તિરંગો લહેરાવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓએ બેટી બચાવો, મારા સ્વપ્નનું ભારત ઉપર મનનીય વક્તવ્ય આપ્યું હતું. શાળાના આચાર્ય અજયભાઈ પંડ્યાના માર્ગદર્શન હેઠળ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

### મોડાસાના મદની શૈક્ષણિક સંકુલમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી



મોડાસા : મોડાસાના મદની શૈક્ષણિક સંકુલમાં રાષ્ટ્રના ૭૨મા પ્રજાસત્તાક પર્વની આન,બાન, શાન સાથે ઉજવણી કરવામાં આવી. મદની હાઈસ્કુલના કલાર્ક જનાબ ઘોરી મહંમદઈકબાલ ગુલામરસુલ દ્વારા તિરંગો લહેરાવી ધર્મ નિરપેક્ષતા, સાર્વભૌમત્વ અને અખંડીતતા ઉપર મનનીય વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે ધી મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટ-મોડાસાના પ્રમુખ બાબુભાઈ ટાઢા, સેક્રેટરી જનાબ મોહમદસલીમ ખોખર, ઉપપ્રમુખ ગુલામમોયુદ્દીન ખાનજી સહિત ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય સુલતાન આઈ. મલીકના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

### સરડોઈ હાઈસ્કુલમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી



સરડોઈ : મોડાસા તાલુકાના સરડોઈની શ્રી એ. એમ. શાહ હાઈસ્કુલમાં રાષ્ટ્રના ૭૨મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અનોપસિંહ ભૂપેન્દ્રસિંહ પુંવાર (એલ.આઈ.સી. ઓફીસર)ના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન અનુસાર યોજાયેલા પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે સરડોઈ કેળવણી મંડળના પ્રમુખ ઈશ્વરભાઈ પી. ભાવસાર દ્વારા પ્રસંગ અનુરૂપ વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

### આકરૂન્દ ગ્રામ પંચાયતમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી



આકરૂન્દ : ધનસુરા તાલુકાની આકરૂન્દ ગ્રામ પંચાયતમાં રાષ્ટ્રના ૭૨મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી. યશસ્વી કામગીરી કરનાર સરપંચ લલીતાબેન એમ. પટેલના હસ્તે તિરંગો લહેરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસરપંચ દિનેશભાઈ એચ. પટેલ, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન રમણભાઈ ગોહેલ, પંચાયત સભ્યો, ગ્રામજનો, તલાટી કમ મંત્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ઈડરમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ટીકીટ મેળવવા ભાજપમાં દાવેદારોની હોડ

### સેન્સ લેવાના સ્થળે મેળાવડો જામ્યો, અનેક નવલોહીયાઓએ નસીબ અજમાવ્યું

ઈડર, તા.૨૭

જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી જાહેર થયા પછી ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે સેન્સ લેવાની કામગીરી હાથ ઉપર લેવાતાં જિલ્લા પંચાયતની ૭ અને તાલુકા પંચાયતની ૨૮ બેઠકો ઉપર દાવેદારોની હોડ જોવા મળી. સેન્સ લેવાના સ્થળે મેળાવડા જેવા દ્રશ્યો જોવા મળ્યા અનેક નવલોહીયાઓએ નસીબ અજમાવતાં અનેક સ્થાનિક નેતાઓની ઉંઘ હરામ થઈ છે.



વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષ ભાજપનો અત્યારે સુવર્ણ કાળ ચાલતો હોવાથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટ ઉપર ચૂંટણી લડવા માટે ઉમેદવારોમાં સતત વધારો થઈ રહ્યો છે. તા.૨૬ જાન્યુઆરીએ ઈડરની જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકો માટે દાવેદારી નોંધાવવા ઈચ્છતા ઉમેદવારોને બાયોડેટા અને સીટ ઉપર કેવી જાતિગત સમીકરણો છે તેની જાણકારી મેળવવા નિરીક્ષકોને મોકલવામાં આવ્યા હતા. પાવાપૂરી જલ મંદિર ખાતે યોજાયેલા સેન્સ લેવાની કામગીરીમાં જિલ્લા પંચાયતની ગોલવાડા, ગોરલ, જાદર, કડીયાદરા, કેસરપુરા અને બડોલી બેઠક ઉપર ઉમેદવારોનો ધસારો જોવા મળ્યો. જિલ્લા ભાજપ સંગઠન મહામંત્રી વિજય પંડ્યા, ઉપપ્રમુખ રવિન્દ્ર બારોટ, જયંતિભાઈ પટેલ, ભાનુભાઈ પટેલ દ્વારા સંભવિત ઉમેદવારોના ડેટા લેવામાં આવ્યા હતા. જેમાં ભાજપના અગ્રણી અશ્વિન પટેલ, ચંદુ પટેલ, પ્રેમલ દેસાઈ, રાજુ પટેલ, અનુપસિંહ ચૌહાણ, યુવા મોરચાના તરૂણ પટેલ, હરપાલસિંહ, કમલ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



### હિંમતનગર એન.જી.ઓ. સર્કલ નજીક ડમ્પર-ટાયરની દુકાનમાં આગ

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલા એન.જી.ઓ. સર્કલ પાસે પાર્ક કરેલ ડમ્પર અને નજીકમાં આવેલી ટાયરની દુકાનમાં આગ લાગતાં અફરા તફરી મચી હતી. ટાયરની દુકાન આગળ પાણી ગરમ કરવા ટાયર સળગાવ્યું અને પવનના સૂસવાટાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આગ બેકાબુ બની હતી. આગને કાબુમાં લેવા માટે હિંમતનગર ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી.

## સાબરકાંઠામાં એસ.ટી. ડીવીઝનની લાઈન ચેકીંગ સ્કવોર્ડ કાગળ ઉપર

### એસ.ટી. બસનાં મુસાફરો પડાવી જતા ખાનગી વાહનો સામે કાર્યવાહી શૂન્ય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં એસ.ટી. વિભાગની આવકને ખાનગી શટલિયાં વાહનો દૈનિક રૂા.૧ લાખનો ફટકો આપી રહ્યા છે છતાં એસ.ટી. ડીવીઝનની લાઈન ચેકીંગ સ્કવોર્ડ કાગળ ઉપર કાર્યરત હોય તેવી સ્થિતિ છે. જિલ્લાના હિંમતનગર, મોડાસા, ઈડર, ખેડબ્રહ્મા, ભિલોડા, બાયડ, પ્રાંતિજ ડેપોની એસ.ટી. બસની સમાંતરે શટલિયાં વાહનો દોડે ત્યાં સુધી તો ઠીક પરંતુ કેટલાક બસ મથકો આગળથી શટલિયાં વાહનો મુસાફરો પડાવી જતાં હોવા છતાં કાર્યવાહી શૂન્ય બની છે. એસ.ટી. વિભાગને ખોટના ખાડામાં ધકેલવામાં અધિકારીઓની મીલીભગત ઉપરાંત મોટાભાગના રૂટ ઉપર દોડતાં ખાનગી વાહનો એસ.ટી.ના નિવૃત્ત કર્મચારીઓ ઉપરાંત પોલીસના સગાઓ દોડાવતા હોવાની વિગતો ચર્ચામાં આવી છે.

જિલ્લાના બસ મથકોમાં ખુદાબક્ષ મુસાફરોને ઝડપી લેવા માટે રોજ ટીકીટ ચેકરોની ટીમનાં ધાડેધાડાં ઉમટી રહ્યાં છે પરંતુ એસ.ટી.ને રોજ આવકમાં લાખોનો

● અનુસંધાન પાના - ૧૧

## સાબરકાંઠામાં દેશના ૭૨મા ગણતંત્ર દિવસની ઉજવણી, સોશિયલ ડિસ્ટન્સ જાળવ્યું

### રાજ્યના ઉત્તમથી સર્વોત્તમ વિકાસમાં પ્રજાનો પ્રચંડ પુરૂષાર્થ : પ્રભારી મંત્રી

બાયડ, હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૭

દેશના ૭૨મા ગણતંત્ર દિવસની મંગળવારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આન, બાન, શાન સાથે ઉજવણી કરાઈ હતી. કોરોનાનો કહેર આંશિક રીતે ઘટ્યો છે છતાં બે ગજની દૂરી અનુસાર ગણતંત્ર દિવસની ઉજવણી સમયે સોશ્યલ ડિસ્ટન્સ જાળવવામાં આવ્યું હતું. અરવલ્લીના મોડાસામાં રાજ્ય સરકારના મંત્રી, જિલ્લા પ્રભારી મંત્રી રમણલાલ પાટકર અને હિંમતનગરમાં ઈન્ચાર્જ કલેક્ટર રાજેન્દ્ર પટેલે તિરંગો લહેરાવ્યો હતો.



તા.૨૬ જાન્યુઆરીએ ૭૨મા ગણતંત્ર દિવસ નિમિત્તે રાજ્ય સરકારના પ્રધાને જિલ્લાની પ્રજાને શુભકામનાઓ પાઠવી ગુજરાતના સર્વાંગી વિકાસના આયોજન સાથે રાજ્ય સરકાર કામગીરી કરી રહી છે તેમ જણાવી ગુજરાતીઓ આફતને અવસરમાં પલટાવી દેવાની કૂનેહ ધરાવે છે અને ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ વિકાસમાં ગુજરાતની પ્રજાનો પ્રચંડ પુરૂષાર્થ હોવાનું જણાવ્યું હતું. મોડાસાની સરકારી ઈજનેરી કોલેજમાં તિરંગો લહેરાવ્યા પછી દેશ માટે શહીદી વહોરનાર વીર સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ગણતંત્ર ઉજવણી સ્થળે પોલીસની વિવિધ પ્લાટુન દ્વારા માર્ચપાસ્ટ કરવામાં આવી હતી અને ત્યારબાદ ધ્વજવંદન કર્તા અને અન્ય ઉપસ્થિતોની હાજરીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયા હતા.

ત્યારબાદ યોજાયેલા રક્તદાન શિબિરની મુલાકાત લીધી હતી. અરવલ્લીમાં ગણતંત્ર દિવસની ઉજવણીમાં ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, જશુભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્લા વિકાસ અધિકારી ડાં.અનિલ ધામેલીયા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, નિવાસી અધિક કલેક્ટર આર.જે. વલવી, જિલ્લા અગ્રણી રાજેન્દ્રભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ..



બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના ગોપાલભાઈ સુથાર, ગોવિંદભાઈ સુથાર (એન્જીનિયર, કારોબારી સભ્ય : આકરૂન્દ કેળવણી મંડળ), રાજેશભાઈ સુથારનાં માતૃશ્રી રમીલાબેન અમૃતભાઈ સુથારનું નિધન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧ ફેબ્રુઆરી, સોમવારે બપોરે ૧૨-૦૦ થી ૧-૦૦ અમદાવાદ ખાતે એચ-૫૦૧, શાંતિનિકેતન-૩, આર.એફ. કેમ્પની સામે, રીંગ રોડ, વસ્ત્રાલ-અમદાવાદ ખાતે રાખેલ છે.

હિંમતનગર : પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામના રમેશચંદ્ર કચરાભાઈ પટેલનાં પત્નિ અરૂણાબેન પટેલનું નિધન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૩૧ જાન્યુઆરી, રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧-૦૦ તેમના નિવાસસ્થાન નનાનપુર રાખેલ છે.